આરટીઆઈ કાયદાના ધજાગરા ઉડાવનાર કૃણાલ પટેલને 25 હજાર અને વિશાલ પટેલને 10 હજારનો ફટકાર

પેટલાદ-ખંભાતના COને આકરો દંડ

સુનાવણીમાં ગેરહાજર રહેતા આયોગે 'બદઈરાદા'ની ગંભીર નોંધ લીધી

(પ્રતિનિધિ) પેટલાદ તા.17

પેટલાદ અને ખંભાત નગર પાલિકાની ચુંટણી પ્રક્રિયા ચાલુ છે. તેવામાં માહિતી આયોગ ગાંધીનગર દ્વારા આ બંન્ને પાલિકાના ચીફ ઓફીસરોને દંડનો ફટકાર કરતા રાજકીય ગરમાવો આવી ગયો છે. તેમાંય ખંભાતના તત્કાલિન અને હાલ પેટલાદના ચીફ ઓફીસર સામે અનેક વખત ભ્રષ્ટાચારના આરોપો જગજાહેર છે, તેવામાં દંડનીય આ હુકમ બંન્ને પાલિકાની ચુંટણીમાં કંઈક અલગ રંગ લાવે તો નવાઈ નહીં ! ઉલ્લેખનીય બાબત તો એ છે કે કોઈપણ નાગરીકને માહિતી નહીં આપવા પેટલાદના ચીફ ઓફીસર દ્વારા કર્મચારીઓ ઉપર સતત દબાણ કરવામાં આવતું હોવાની વાત ટોક ઓફ ધ ટાઉન છે.

ખંભાતના અરૂણભાઈ કાભઈભાઈ ગોહિલ દ્વારા તા.15 જુલાઈ 2025 ના રોજ પાલિકાના તત્કાલિન ચીફ ઓફીસર તથા માહિતી અધિકારી કૃણાલ પટેલ સમક્ષ એક RTI રજુ કરી માહિતી માંગી હતી. આ RTI મુજબ તા.1 ઓગષ્ટ 2024 થી 15 જુલાઈ 2025 સુધી પાલિકાએ જે કોઈ પેમેન્ટ કર્યા હોય તેના ચેક રજીસ્ટરની નકલ, જે તે એજન્સીઓને આપેલ વર્ક ઓર્ડર, 2023 થી જુલાઈ 2025 દરમ્યાન મહેશ કન્સ્ટ્રક્શન વાપીને ચુકવેલ નાણાં, 2024 થી જુલાઈ 2025 સુધીમાં કર્મચારીઓ લગતા કરવામાં આવેલ ઠરાવો, જાન્યુઆરી 2024 થી જુલાઈ 2025 દરમ્યાન પ્રમુખ સ્થાનેથી કરવામાં આવેલ ઠરાવો અને આદેશો વગેરેની નકલો અરજદારે માંગી હતી. માહિતી અધિકાર અધિનિયમ 2005 હેઠળ આવી RTI ની માહિતી 30 દિવસમાં અરજદારને આપવાની હોય છે. છતાં ખંભાતના તત્કાલિન અને પેટલાદના ચીફ ઓફીસર કૃણાલ પટેલ માહિતી આપવામાં નિષ્ફળ રહ્યા હતા. જેથી અરજદાર અરૂણભાઈ ગોહિલે રિજીયોનલ કમિશ્નર કચેરી વડોદરાના માહિતી અધિકારી સમક્ષ અપીલ કરી હતી. પરંતુ ત્યાંથી પણ સમય મર્યાદામાં પ્રત્યુત્તર મળ્યો ન્હોતો. જેથી અરજદારે માહિતી આયોગ ગાંધીનગર સમક્ષ અપીલ કરી હતી. જેની આખરી સુનાવણી તા.16 એપ્રિલ 2026ના રોજ હાથ ધરવામાં આવી હતી. જેમાં રાજ્ય માહિતી કમિશ્નરે માહિતી અધિકાર અધિનિયમ 2005ની કલમ 20(1) હેઠળ ખંભાતના તત્કાલિન અને હાલ પેટલાદના ચીફ ઓફીસર કૃણાલ પટેલ, ખંભાતના ચીફ ઓફીસર વિશાલ પટેલ અને અપીલ અધિકારી (RCM વડોદરા) સામે દંડનીય હુકમ કરવામાં આવ્યો હતો. જે મુજબ પેટલાદ પાલિકાના ચીફ ઓફીસર કૃણાલ પટેલને 25 હજાર અને ખંભાતના ચીફ ઓફીસર વિશાલ પટેલને 10 હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો. ઉપરાંત અરજદારને 15 દિવસમાં માંગેલ સંપૂર્ણ માહિતી વિનામૂલ્યે આપવા પણ આદેશ ફરમાવ્યો હતો.

સીઓ કે કર્મીઓ માહિતી આપવા ટેવાયેલા જ નથી

પેટલાદ પાલિકામાં શહેરનો કોઈપણ નાગરીક માહિતી લેવા જાય તો ચીફ ઓફીસર અને કર્મચારીઓ ક્યારેય માહિતી આપવા ટેવાયેલા નથી. આ ઉપરાંત પેટલાદ પાલિકાની કોઈ જ માહિતી કોઈને પણ નહીં આપવા દરેક કર્મચારીઓને ચીફ ઓફીસર દ્વારા કડક આદેશ કરવામાં આવ્યા હોવાની વાત ચર્ચાસ્પદ છે. પેટલાદના આ સીઓ ઉપર અનેક વખત ભ્રષ્ટાચારના આક્ષેપો થયા હોવાથી તેઓ પાલિકાની કોઈ જ માહિતી આપવા તૈયાર નથી. જેની પાછળના કારણો અનેક રહસ્યો ખુલ્લા કરી શકે તેમ હોવાની વાત ટોક ઓફ ધ ટાઉન છે.

બાળકોના જીવ જોખમમાં મુકતા વાહનો સામે કાર્યવાહી કરાશે

ક્ષમતા કરતા વધુ બાળકો બેસાડનારા રિક્ષા ચાલકો સામે કાર્યવાહી કરવા કલેક્ટરનો આદેશ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.16

મહીસાગર જિલ્લામાં હવે સ્કૂલ રિક્ષા ચાલકોએ સાવચેત થઈ જવાની જરૂર છે. કલેક્ટર અર્પિત સાગરે સ્પષ્ટ કર્યું છે કે બાળકોની સલામતી સાથે કોઈ પણ પ્રકારનું સમાધાન કરવામાં આવશે નહીં. જે રિક્ષા ચાલકો ક્ષમતા કરતા વધુ બાળકો બેસાડશે કે બેદરકારીપૂર્વક રિક્ષા હંકારશે, તેમની સામે તંત્ર દ્વારા જરા પણ દયા રાખ્યા વિના કડક પગલાં ભરવામાં આવશે.

મહીસાગર કલેક્ટર અર્પિત સાગરના અધ્યક્ષ સ્થાને જિલ્લા સેવા સદન ખાતે 'જિલ્લા રોડ સેફ્ટી કમિટી'ની મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રિક્ષા ચાલકો માટે મહત્વના નિર્દેશો આપવામાં આવ્યા છે. આ બેઠક દરમિયાન કલેક્ટરે ભારપૂર્વક જણાવ્યું હતું કે, શાળાએ જતા બાળકોની સુરક્ષા એ વહીવટીતંત્રની પ્રથમ પ્રાથમિકતા છે. જો કોઈ રિક્ષા ચાલક બાળકોના જીવ જોખમમાં મૂકીને અથવા નિયમ કરતા વધુ બાળકો ભરીને રિક્ષા ચલાવતો પકડાશે, તો તેમની સામે દાક્ષિણ્ય દાખવ્યા વિના કડકમાં કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

જોકે, માત્ર સ્કૂલ રિક્ષા જ નહીં, પરંતુ લુણાવાડા શહેરની વધતી જતી ટ્રાફિક સમસ્યાના કાયમી ઉકેલ માટે પણ કલેક્ટરે અધિકારીઓને 'એક્શન મોડ' માં કામ કરવા સૂચના આપી છે. આનો અર્થ એ છે કે આગામી દિવસોમાં શહેરમાં ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા માટે પોલીસ અને આરટીઓદ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી શકે છે.

આ બેઠકમાં નાયબ પોલીસ અધિક્ષક, સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ તેમજ ચીફ ઓફિસર ઉપસ્થિત રહ્યા હતા, જે સૂચવે છે કે હવે રિક્ષા ચાલકો પર તંત્રની સીધી નજર રહેશે.

અજરપુરામાં બહુચર માતાજી મંદિરના પાટોત્સવનો પ્રારંભ

સતચંડી મહાયજ્ઞ સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે

(પ્રતિનિધિ) આણંદ તા.17

આણંદના અજરપુરાની પવિત્ર ભૂમિ પર બિરાજમાન શ્રીરાજ રાજેશ્વરી બહુચર માતાજી મંદિર ખાતે સાતમા પાટોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ત્રિદિવસીય મહોત્સવનો શુક્રવારથી પ્રારંભ થયો છે. આ પાટોત્સવમાં સતચંડી મહાયજ્ઞ, માતાજીનો લીલુડો માંડવો અને મહાપ્રસાદ જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. જેમાં મોટી સંખ્યામાં માઈભક્તો ઉમટી પડશે.

આણંદના અજરપુરામાં શ્રીરાજ રાજેશ્વરી બહુચર માતાજી મંદિર ખાતે પાટોત્સવનું ભવ્યાતિભવ્ય 19મી એપ્રિલ, 2026 સુધી ચાલશે. આ ઉત્સવમાં 18મી એપ્રિલ, શનિવારે સવારે 8-00 કલાકે સતચંડી મહાયજ્ઞનો પ્રારંભ થશે અને સાંજે 5-00 કલાકે સંધ્યા આરતી કરવામાં આવશે.

આ ઉત્સવના અંતિમ દિવસે રવિવાર, 19મી એપ્રિલના રોજ બપોરે 12-30 કલાકે નવનિર્મિત સિંહાસન પર માતાજીના મહાયજ્ઞની પૂર્ણાહુતિ થશે. આ પવિત્ર અવસરે બપોરે 12-39 કલાકે સુવર્ણ બાલયંત્ર તથા સુવર્ણ મુખારવિંદની વિધિવત સ્થાપના કરવામાં આવશે. સાંજે 5-30 કલાકે મહાઆરતી બાદ 6-30 કલાકે સર્વોદય વિનય મંદિર હાઈસ્કૂલ, અજરપુરાના મેદાનમાં મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવશે. રવિવારે રાત્રે 9-00 કલાકે ભુવાજીના વધામણા બાદ 10-00 કલાકે માતાજીનો 'લીલુડો માંડવો' યોજાશે.

ખેડા પાલિકાની ગંભીર બેદરકારી ખુલ્લી પડી , મહિનામાં આગની 3 ઘટના

ખેડામાં લાગેલી આગમાં કલેક્ટર કચેરીનું ઈન્ટરનેટ જોડાણ ખોરવાયું

ભાજપ શહેર પ્રમુખના શોરૂમ પાસે આગ લાગી છતાં ટેન્કર પાઇપ વગર પહોંચ્યું!

(પ્રતિનિધિ) ખેડા તા.17

ખેડા-માતર રોડ પર શેઢી નદીના કિનારે લાગેલી આગને કારણે ગુજરાત ફાયબર નેટના કેબલો બળીને ખાખ થઈ ગયા છે, જેના પરિણામે ગાંધીનગરથી ખેડા કલેક્ટર કચેરીમાં આવતું ઈન્ટરનેટ ખોરવાઈ ગયું હતું. ખેડા નગરમાં છેલ્લા 25 દિવસમાં આગનો આ ત્રીજો બનાવ છે, જેણે નગરપાલિકાની કામગીરી અને સજ્જતા સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે.

તસવીરઃ પ્રગ્નેશ ભાવસાર

ખેડામાં દેવીશક્તિ ફર્નિચરની બાજુમાં આવેલી ઝાડીઓમાં શુક્રવાર સવારે 9-30 વાગ્યાના સુમારે અચાનક આગ ફાટી નીકળી હતી. આ શોરૂમના માલિક ખેડા શહેર ભાજપ પ્રમુખ હોવા છતાં, નગરપાલિકામાં જાણ કરવા છતાં કોઈ સમયસર મદદ મળી ન હતી. અંતે શોરૂમના માલિકે પોતાના વ્યક્તિગત બોરથી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી.

આશ્ચર્યજનક રીતે, પાલિકાનું ટેન્કર ઘટનાસ્થળે પહોંચ્યું ત્યારે તેમની પાસે પાઈપ ઉપલબ્ધ ન હોવાને કારણે ફરીથી ખાનગી બોરનો જ સહારો લેવો પડ્યો હતો. આ ઘટનામાં શેઢી નદીની સાઈડમાં રહેલા ગુજરાત ફાયબર નેટના કેબલો બળી જતાં વહીવટી કામગીરીને અસર પહોંચી છે. ખેડા પાલિકાનું ફાયર બ્રાઉઝર છેલ્લા બે મહિનાથી રિપેરિંગમાં છે. જોકે તે રિપેર થઈ ગયું હોવા છતાં, રિપેરિંગના નાણાંની ચૂકવણી ન થવાને કારણે તે હજુ સુધી લાવવામાં આવ્યું નથી. સત્તાધારી પક્ષના જ શહેર પ્રમુખના શોરૂમ પાસે જ્યારે આવી સ્થિતિ સર્જાતી હોય, ત્યારે સામાન્ય જનતાની સુરક્ષા અંગે રોષ જોવા મળી રહ્યો છે.

સંતરામપુરમાં શંકાશીલ પતિએ પત્નીને ત્રાસ આપ્યો

(પ્રતિનિધિ) સંતરામપુર તા.17

સંતરામપુર તાલુકાના જુના કાળીબેલ ગામે ઘરેલુ હિંસાની એક ગંભીર ઘટના સામે આવી છે. જેમાં એક પરિણીતાને તેના પતિ અને સાસુ-સસરા દ્વારા નજીવી બાબતોમાં ઝઘડા કરી શારીરિક અને માનસિક ત્રાસ ગુજારવામાં આવ્યો હતો.

લુણાવાડાના વાઘજીબારીયાના મુવાડા ગામની વતની રેખાબેન લાલાભાઈ ખાંટના લગ્ન સંતરામપુરના જુના કાળીબેલ ગામે થયા હતા. લગ્ન બાદ શરૂઆતના ત્રણ વર્ષ સુધી દામ્પત્ય જીવન સુખરૂપ ચાલ્યું હતું, પરંતુ ત્યારબાદ નાની નાની બાબતો અને ઘરકામ મુદ્દે સાસરિયાઓ દ્વારા તકરાર શરૂ કરવામાં આવી હતી.

વર્ષ 2025માં જ્યારે રેખાબેનનો પતિ લાલાભાઈ વડોદરા ખાતે મજૂરી કામ માટે ગયો હતો, ત્યારે રેખાબેને તેમના પિયરના એક વ્યક્તિ સાથે ફોન પર વાત કરી હોવાની શંકા રાખી પતિએ ઉશ્કેરાઈ જઈ ગાળાગાળી કરી હતી. એટલું જ નહીં, પતિએ તેમને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ મામલે સાસુ કાળીબેન અને સસરા છત્રાભાઈ ખાંટે પણ પોતાના પુત્રનો પક્ષ લઈને રેખાબેનને અસહ્ય ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું.

આખરે સાસરિયાઓના ત્રાસથી કંટાળીને રેખાબેનને તેમના પિયર જતાં રહ્યાં હતાં. હવે સાસરિયાઓ દ્વારા છૂટાછેડાની માંગણી કરવામાં આવતા, રેખાબેને પતિ, સાસુ અને સસરા સહિત ત્રણેય વિરુદ્ધ મહિસાગર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

આણંદના ગામડી ખાતે ડીનરી મહિલા આયોગ દ્વારા ભવ્ય મહિલા સંમેલન યોજાયું

આણંદ | સંત ફ્રાન્સીસ ઝેવિયર તીર્થધામ, ગામડી ખાતે અમદાવાદ ધર્મપ્રાંત મહિલા આયોગ આણંદ ડીનરી દ્વારા સામાજિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ઉત્થાનના હેતુથી વિશેષ મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ ડો. પ્રીતિ રાઠોડ અને ફાધર જીતુ ડિમોન્ટેએ બહેનોને શિક્ષણ, વ્યવસાયિક સજ્જતા અને પારિવારિક મજબૂતી સાથે આત્મગૌરવ જાળવવા પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. આ અવસરે આણંદ, કરમસદ સહિત વિવિધ પેરિસની બહેનોએ પાસ્ખા પર્વને અનુલક્ષીને આધ્યાત્મિક નાટકો - સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયાં હતાં.

બાલાસિનોરમાં સગર્ભા મહિલાઓ માટે ડાયાબિટીસ-બી.પી. ચેકઅપ કેમ્પ યોજાયો

બાલાસિનોર | બાલાસિનોર અર્બન હેલ્થ સેન્ટર અને લાયન્સ ક્લબના સંયુક્ત ઉપક્રમે સગર્ભા બહેનોના સ્વાસ્થ્ય પરીક્ષણ માટે વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં 64 જેટલી સગર્ભા મહિલાઓનું ડાયાબિટીસ અને બી.પી. ચેકઅપ કરવાની સાથે તેઓને જરૂરી તબીબી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આશા વર્કર બહેનો દ્વારા ગર્ભાશયના મુખના કેન્સરની જાગૃતિ માટે એચ.પી.વી. (HPV) રસીકરણ અંગે પણ મહિલાઓને વિગતવાર સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડો. દેવેન્દ્રભાઈ શાહ, લાયન્સ ક્લબના પ્રમુખ દક્ષાબેન પાઠક અને મંત્રી પ્રવીણ સેવક સહિતનો સ્ટાફ હાજર રહ્યો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એકવેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

ચારુસેટ યુનિવર્સિટી ખાતે ગટ માઇક્રોબાયોમ વિષય પર વૈજ્ઞાનિક વ્યાખ્યાન યોજાયું

આણંદ | ચાંગાની ચારુસેટ સંલગ્ન PDPIAS સંસ્થામાં શ્રી પ્રમુખ સ્વામી મહારાજ એન્ડોમેન્ટ ચેર લેક્ચર સીરીઝ અંતર્ગત બે દિવસીય વૈજ્ઞાનિક કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. મુખ્ય વક્તા પ્રોફેસર યોગેશ શોચેએ માનવ સ્વાસ્થ્ય, રોગપ્રતિકારક શક્તિ અને પાચન પ્રણાલીમાં ગટ માઇક્રોબ્સની મહત્વપૂર્ણ ભૂમિકા વિશે ગહન માહિતી આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ અને સંશોધકોને ઇન્ડિયન હ્યુમન માઇક્રોબાયોમ પ્રોજેક્ટ અને આધુનિક માઇક્રોબાયોલોજીના વિવિધ સંશોધન પાસાઓ વિશે જાણવા મળ્યું હતું. યુનિવર્સિટીના વરિષ્ઠ હોદ્દેદારોના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમે પ્રશ્નોત્તરી સત્ર દ્વારા શૈક્ષણિક અને વૈજ્ઞાનિક સંવાદને નવું બળ પૂરું પાડ્યું હતું.

આણંદના મધુભાન રિસોર્ટમાં ફાયર મોકડ્રીલ દરમિયાન કર્મચારીઓને તાલીમ અપાઈ

આણંદ | આણંદમાં મધુભાન રિસોર્ટમાં આગ લાગ્યાના કોલ સાથે એક વિશેષ મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આણંદ અને કરમસદ ફાયર સર્વિસની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી એક વ્યક્તિનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરી ફાયર ફાઇટિંગની કામગીરીનું નિદર્શન કર્યું હતું. આ મોક ડ્રીલનો મુખ્ય હેતુ 14 થી 20 એપ્રિલ સુધી ઉજવાતા 'ફાયર વીક' અંતર્ગત લોકો અને સંસ્થાઓમાં ફાયર અવેરનેસ ફેલાવવાનો છે. ચીફ ફાયર ઓફિસર ધર્મેશભાઈ ગોરની આગેવાનીમાં યોજાયેલ આ કાર્યક્રમમાં રિસોર્ટના મેનેજમેન્ટ અને સ્ટાફ દ્વારા સંપૂર્ણ સહયોગ આપી સુરક્ષાના પાઠ શીખવવામાં આવ્યાં હતાં.

નડિયાદ લાયન્સ ક્લબના મહેશભાઈ જોશીની રીજીયન ચેરમેન તરીકે વરણી

નડિયાદ | લાયન્સ ક્લબ ઓફ નડિયાદ મેઈનના પૂર્વ પ્રમુખ લાયન મહેશભાઈ જોશીની વર્ષ 2026-27 માટે રીજીયન ચેરમેન તરીકે ડીસ્ટ્રીક ગવર્નર અશોકભાઈ જૈન દ્વારા નિમણૂક કરવામાં આવી છે. છેલ્લા 15 વર્ષથી લાયન્સ ક્લબમાં કાર્યરત મહેશભાઈ અગાઉ ઝોન ચેરમેન અને ખેડા જિલ્લા સંચાલક મંડળના ઉપાધ્યક્ષ તરીકે પણ બહુમૂલ્ય સેવાઓ આપી ચૂક્યા છે. તેમની આ નિમણૂકથી વરિષ્ઠ ભૂદેવ પરિવાર, ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ અને વરિષ્ઠ નાગરિક મંડળ સહિતના વિવિધ સામાજિક સંગઠનોમાં હર્ષની લાગણી ફેલાઈ છે. મહેશભાઈ જોશીને વિવિધ સંસ્થાઓ અને મિત્ર વર્તુળ દ્વારા ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



નડિયાદ જેસીઆઈ દ્વારા બાળકોના કૌશલ્ય વિકાસ માટે 'ટચ ઓફ ક્રિએટિવિટી' કાર્યક્રમ યોજાયો

નડિયાદ | નડિયાદ જેસીઆઈ દ્વારા બાળકોના કૌશલ્ય વિકાસ માટે 'ટચ ઓફ ક્રિએટિવિટી' કાર્યક્રમ યોજાયો હતો. જેસિલેટ વિંગ દ્વારા બ્લડ બેંક હોલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં બાળકોને હેત્વી સોની દ્વારા એક્સપ્લોઝન બોક્સ અને ક્રાફ્ટ ટેકનિક શીખવવામાં આવી હતી. જેસીઆઈ નડિયાદના પ્રમુખ તેજ પરમારે ડોટ પોટ્રેટ કરાવી બાળકોને સરપ્રાઈઝ આપી હતી અને યાના ગજરે જેસીઆઈ મૂલ્યોનું પઠન કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જેસિલેટ ચેરપર્સન વૈશ્વી લખમણી દ્વારા કરવામાં આવ્યું હતું અને વિયાન પટેલે આભાર વિધિ કરી હતી.

સિનિયર સિટીઝન ફોરમ અને અધિવકતા પરિષદ દ્વારા આંબેડકર જયંતિની ઉજવણી

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટીના માર્ગદર્શન હેઠળ સિનિયર સિટીઝન ફોરમ અને અધિવકતા પરિષદ-આણંદના સંયુક્ત ઉપક્રમે ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય વક્તા અને પૂર્વ જજ ગોપાલભાઈ શાહે ડો. આંબેડકરના જીવન પ્રસંગો વર્ણવી, તેમણે તમામ વર્ગોના ઉત્થાન માટે કરેલા કાર્યો પર પ્રકાશ પાડ્યો હતો. આ કાર્યક્રમમાં અધિવકતા પરિષદના સોનલબેન વ્યાસે સંસ્થાના ઉદ્દેશો અને ન્યાય પ્રણાલીને મજબૂત બનાવવા અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ સમારોહમાં દેશભક્તિના ગીતો સાથે મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું.

ગળતેશ્વરના હડમતીયામાં શોભાયાત્રા , યજ્ઞ અને ભંડારામાં હજારો ભક્તો ઉમટ્યા

ગળતેશ્વર | ગળતેશ્વરના હડમતીયા ગામે સ્વયંભૂ હનુમાનજી મંદિરે હનુમાન જયંતિ નિમિત્તે વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી. આ પ્રસંગે ડીજેના તાલે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં ગામના યુવાનો, વડીલો અને મહિલાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. મંદિર પરિસરમાં બ્રાહ્મણો દ્વારા મારુતિ યજ્ઞનું આયોજન કરાયું હતું, જેમાં યજમાનોએ ભક્તિભાવપૂર્વક ભાગ લીધો હતો. મહોત્સવના અંતે આયોજિત વિશાળ ભંડારામાં હજારો શ્રદ્ધાળુઓએ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.

આણંદના રોકડિયા હનુમાન મંદિરે હનુમાન જયંતિની ભવ્ય ઉજવણી , અન્નકૂટ અને મહાઆરતી યોજાઈ

આણંદ | આણંદ સ્થિત રોકડિયા મંદિર ખાતે હનુમાન જયંતિના પવિત્ર અવસરની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ ખાસ પ્રસંગે ભગવાનને વિવિધ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો, જેનો ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. મંદિરમાં આયોજિત વિશેષ મહાઆરતીમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા અને વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. હનુમાન જયંતિ નિમિત્તે યોજાયેલા આ ધાર્મિક કાર્યક્રમોમાં ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

સંતરામપુરના ડો. રણજીતસિંહ જોઝાને ઇન્દોર ખાતે 'વર્લ્ડ રેકોર્ડ ઓફ એક્સેલન્સ' એવોર્ડથી સન્માનિત કરાયા

સંતરામપુર | સંતરામપુર સ્થિત સુરેખાબા હોસ્પિટલના જાણીતા ગાયનેકોલોજિસ્ટ ડો. રણજીતસિંહ જોઝાને માતૃત્વ ક્ષેત્રે તેમની નિઃસ્વાર્થ સેવા અને અપ્રતિમ યોગદાન બદલ ઇન્દોર ખાતે આયોજિત સમારોહમાં 'વર્લ્ડ રેકોર્ડ ઓફ એક્સેલન્સ' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. ડો. જોઝાના નેતૃત્વમાં હોસ્પિટલે 10,500થી વધુ સફળ નોર્મલ ડિલિવરી અને એક હજારથી વધુ સીઝેરિયન પછી નોર્મલ ડિલિવરી જેવી વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરી છે. આ માનવતાવાદી અભિગમ સાથે સેવાનો યજ્ઞ ચલાવતા ડો. રણજીતસિંહ જોઝાની આ આંતરરાષ્ટ્રીય સિદ્ધિ બદલ સમગ્ર મહીસાગર પંથકમાં આનંદ અને ગૌરવની લાગણી વ્યાપી છે.

આણંદ કૃષિ યુનિવર્સિટીના ખેલાડીઓએ રાજ્યકક્ષાની ખેલકૂદ સ્પર્ધામાં મેડલો જીત્યાં

આણંદ | સરદારકૃષિનગર દાંતીવાડા ખાતે યોજાયેલ ગુજરાત રાજ્ય આંતર કૃષિ યુનિવર્સિટી ખેલકૂદ સ્પર્ધામાં આણંદ કૃષિ યુનિવર્સિટીના 26 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં યુનિવર્સિટીની ટીમે 100, 200 અને 400 મીટર દોડમાં સુવર્ણચંદ્રક સહિત વિવિધ રમતોમાં અનેક રજત અને કાંસ્ય પદકો મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ જ્વલંત સિદ્ધિ બદલ કુલપતિ ડો. એન.આઇ. શાહ અને વિદ્યાર્થી કલ્યાણ નિયામક ડો. ડી.એચ. પટેલે તમામ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. ટીમ મેનેજર ડો. સાવન પડાલીયા અને ચાર્લ્સ એમ. નાગાણીના માર્ગદર્શન હેઠળ ખેલાડીઓએ સફળતા હાંસલ કરી છે.